सत्यमेव जयते

| | | |
|---|---|---|
| RECEIVED ONE | 02-04-2026 | |
| REGISTERED ON | 02-04-2026 | |
| DECIDED ON | 10-04-2026 | |
| DURATION | | |
| YEAR:00 | MONTH:00 | DAYS:8 |

## ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૧૪/૨૦૨૬**

**Ex - 7**

**ધ્રુવ ધર્મેશભાઈ રતિભાઈ પટેલ,**
ઉ.વ.આ. ૨૮, ધંધો– વેપાર,
રહે. દેવછાયા સોસાયટી, સતાધાર સોસાયટીની સામે,
ધાટલોડીયા ગામ, અમદાવાદ.
(હાલ જયુડી.કસ્ટડી તા.૨૭/૦૩/૨૦૨૬ ) ........ **અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** ........ સામાવાળા

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી. ડી.એચ.પટેલ,

સરકાર તર્ફે શ્રી પી.ડી.વ્યાસ.

પેથાપુર પોલીસ સ્ટેશન, જી.ગાંધીનગરના ગુ. રજી. નં.૧૧૨૧૬૦૧૦૨૬૦૧૪૫/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૩૩૬(૨),૩૩૬(૩),૩૪૦(૨),૩૩૮, ૬૧(૨)(એ)

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## –:: જજમેન્ટ ::–

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે પેથાપુર પોલીસ સ્ટેશન, જી.ગાંધીનગરના ગુ. રજી. નં.૧૧૨૧૬૦૧૦૨૬૦૧૪૫/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૩૩૬(૨),૩૩૬(૩),૩૪૦(૨),૩૩૮, ૬૧(૨)(એ) મુજબના કામે ભારતીય નાગરીક

સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૨૭/૦૩/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સમગ્ર ફરીયાદની હકીકત ધ્યાને લેતાં ખોટી હકીકત ઉપજાવી ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદ મુજબનો બનાવ સમય ૨૦૧૧ ની સાલનો છે. અને ફરીયાદ ૨૦૨૬ સાલમાં આપવામાં આવેલી છે. જે વિલંબ થયાનો જોતાં ફરીયાદ શંકાસ્પંદ જણાય છે.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, આરોપી નં.૧ તરફ થી તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ રજીસ્ટર જનરલ પાવર ઓફ એટર્ની નં.૫૭૧૬/૨૦૨૪ તથા ૫૭૧૭/૨૦૨૪ અમોને કરી આપેલા હતા. તે દરેક પેટે અલગ અલગ રૂા.૧૭,૫૦,૦૦૦/– અમોએ બેંક મારફતે ચુકવેલા છે. આ સંજોગોમાં કુલ રૂા.૩૫,૦૦,૦૦૦/– અમોએ બેંક મારફત નાણાની ચુકવણી કરેલી છે. જેથી અમો અરજદાર પોતે જ ભોગ બનનાર છીએ. આ બાબતના પાવર ઓફ એટર્ની અને બેંકના દસ્તાવેજો રજુ કરેલા છે. જે ધ્યાને લેવા અરજ કરેલ છે. હાલમાં પણ જમીનનો કબજો ફરીયાદી પાસે છે. તેથી અમોએ ખોટા દસ્તાવેજી પુરાવા બનાવેલા હોય તે હકીકત માની શકાય તેમ નથી. જે કોઈ આક્ષેપો છે તે આરોપી નં.૧ નીસામે છે. તેથી પણ અમો નિર્દોષ છીએ.

**૨.૩** વિશેષમાં જણાવેલ છે કે, આરોપી નં.૧ તરફથી કરી આપેલ પાવર ઓફ એટર્નીનો સહારો લઈ તેમના ધ્વારા બે દસ્તાવેજ કરી દીધેલા છે. જે રજીસ્ટર પણ ૨૦૨૩ ની સાલમાં થયેલા છે. આ હકીકત અમો અરજદારને હાલની આ ફરીયાદ દાખલ થયા બાદ ધ્યાનમાં આવેલ છે. તેથી અમો અરજદાર સાથે પણ છેતરપીડી અને વિશ્વાસઘાત સહ આરોપીઓએ કરેલ છે. મોટા ભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલી છે. કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે. તેથી સજાની જોગવાઈ ધ્યાને લેતાં અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર અને અન્ય આરોપીઓએ ભેગા મળી ફરીયાદી, સાહેદોની અજ્ઞાનતાનો લાભ લઈ તેમની માલિકીની જમીન રાંધેજાની સીમના સર્વે નં. ૨૭૩૭, ૨૭૩૨ તથા ૨૭૩૬ ગણોત ધારા હેઠળની નવી શરતમાં

થી જુની શરતમાં ફેરવી આપવા માટે તેમની સહી અને અંગુઠા કરી આપેલ તેનો દુરપયોગ કરેલ છે. અને ખોટા દસ્તાવેજી પુરાવા બનાવેલા છે. તેથી હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલા હોય તેમ પ્રથમ દર્શનીય રીતે જણાય છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, અરજદારો ઉપરોકત દસ્તાવેજો ખોટા રીતે ઉભા કરી કરોડો રૂપિયાની જમીન નજીવી કિંમતમાં પચાવી પાડવાની કોશીશ કરેલ છે. તપાસ નાજુક તબકકે છે. દસ્તાવેજો પણ કબજે કરવાના બાકી છે. આ સંજોગોમાં અરજદારની હાલની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

➢ આ કામના અરજદાર/આરોપી સામે પેથાપુર પોલીસ સ્ટેશન, જી.ગાંધીનગરના ગુ. રજી. નં.૧૧૨૧૬૦૧૦૨૬૦૧૪૫/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૩૩૬(૨),૩૩૬(૩),૩૪૦(૨),૩૩૮, ૬૧(૨)(એ) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

➢ ફરીયાદીની હકીકત એવી છે કે, સને ૨૦૧૧ થી આજદિન સુધી તા.૨૭/૩/૨૦૨૬ સુધી મોજે રાંધેજા ગામે આ કામના આરોપીઓએ ભેગ મળી એકબીજા થી કાવતરા બધ્ધ ફરીયાદી /સહેદોની અજ્ઞાનતાનો લાભ લઈ, ફરીયાદી/સાહેદોની મોજે રાંધજા ગામની સીમમના ખાતા નં.૧૧૩૧ ના બ્લોક/સર્વેનં.૨૭૩૭ (જેનો સર્વે નં.૨૪૨/૨ પૈકી) તથા બ્લોક/સર્વે નં. ૨૭૩૨ (જુનો સર્વે નં. ૨૪૨/૩ પૈકી) તથા બ્લોક/સર્વે નં.૨૭૩૬ (જુનો સર્વે નં.૨૪૨/૨ પૈકી) ની જમીન પ્ર.સ.પ્ર. હોઈ ગણોત ધારા હેઠળ નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપવા માટે કરી આપેલ સહી/અંગુઠાનો દુરપયોગ કરી, ફરીયાદી /સાહેદોની જાણ બહારના ખોટા દસ્તાવેજો ઉભ કરી તેમજ ફરીયાદી/સાહેદો પાસેથી લીધેલ રૂા.૨,૦૦,૦૦૦/– પાછા નહી આપી તેમજ ફરીયાદી/સાહેદોના સંયુકત માલિકી ના નામની ખોટી સહીઓ તથા અંગુઠા કરી, ડેકલેરેશનનો દસ્તાવેજ તદ્દન ખોટો અને બનાવટી ઉભો કરી, ખોટો અને બનાવટી હોવાનું જાણતા હોવા છતાં જમીનના વેચાણ દસ્તાવેજમાં રજુ કરી, બનાવટી વેચાણ દસ્તાવેજ ઉભો કરી કાવતરા બધ્ધ ફરીયાદી/સાહેદોની જમીન પચાવી પાડવાનો પ્રયત્ન કરી, ફરીયાદી/સાહેદોની સાથે

વિશ્વાસઘાત છેતરપીંડી કરી, ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપો છે.

- રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતાં ફરીયાદીની ફરીયાદ મુજબ તેમની માલિકીની જમીન સર્વે નં. ૨૭૩૭, ૨૭૩૨ તથા ૨૭૩૬ ની રાંધેજા ગામની સીમમાં સંયુકત માલિકી કબજા–ભોગવટાની આવેલી છે. આ જમીન હાલમાં પણ ફરીયાદીના કબજામાં છે. અરજદાર તરફ થી રજુ કરેલ જનરલ પાવર ઓફ એટર્ની ધ્યાને લેતાં આરોપી નં.૧ નાએ અરજદારના નામે ઉપરોકત જમીન રૂા.૩૫,૦૦,૦૦૦/– અવેજ પેટે બેંક મારફતે મેળવી જરુરી તમામ સત્તાઓ આપેલ હોય તેમ જણાય છે. વિશેષમાં આ બન્ને દસ્તાવેજો રજીસ્ટ્રાર સમક્ષ રજીસ્ટર થયેલા હોય તેમ પણ જણાય આવે છે. આ હકીકત ધ્યાને લેતાં આરોપી નં.૧ તરફ થી ઉપરોકત જમીનની માલિક હોવાની હકીકત દર્શાવી હાલના અરજદારને જમીનનું વેચાણ કરેલ હોય તેમ જણાય આવે છે.
- તપાસ કરનાર અમલદારની એફીડેવીટ ધ્યાને લેતાં  હાલના અરજદાર તરફથી કોઈ ખોટા દસ્તાવેજી પુરાવા  ફરીયાદી કે સાહેદોના બનાવેલ હોય, અંગુઠા કે સહીઓ કરેલી હોય તેવી હકીકત રજુ થતી નથી. સમગ્ર કેસ દસ્તાવેજ પુરાવા ઉપર આધારીત હોય તેમ જણાય છે. વિશેષમાં અરજદાર તરફ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરીયાદી તરફથી ઉપરોકત જમીન ૨૦૨૩ ની સાલમાં અન્ય વ્યકિતઓને વેચાણ આપી દીધેલ હોય તેમ પણ જણાય છે. આ હકીકત ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે જે આક્ષેપો કરેલા છે તે બાબતે યોગ્ય નિર્ણય ટ્રાયલના અંતે કરી શકાય તેમ જણાય છે. અરજદાર/આરોપી સામેના ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાકની અદાલતની હકુમતની હોય તેમ જણાય છે. અરજદાર/આરોપી સામે અન્ય કોઈ ગુનાહિત ઈતિહાસ નોંધાયેલો નથી. તેમજ મોટા ભાગની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલી છે. તપાસ કરનાર અમલદારે તેમના સોગંદનામામા જે દહેશત વ્યકત કરેલ છે તે બાબતે યોગ્ય શરતો મુકી અરજદાર/આરોપી  ઉપર જરૂરી નિયંત્રણ મુકી શકાય તેમ છે.

**૫.** આમ, ઉપરોકત મુદાઓ, સજાની જોગવાઈ તેમજ હાલના અરજદાર/ આરોપીનો રોલ ધ્યાને લેતાં તથા **નામ. સર્વોચ્ચ અદાલતે સંજય ચંદ્રા વિરુધ્ધ સેન્ટ્ર બયુરો ઓફ ઓફ ઈન્વેસ્ટ્રીગેશન, એ.આઈ.આર. ૨૦૧૨ નામ.સુપ્રિમ કોર્ટ ૮૩૦** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં યોગ્ય રકમ અને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

**(૧)** આ કામના અરજદાર/આરોપી **ધ્રુવ ધર્મેશભાઈ રતિભાઈ પટેલ,** ઉ.વ.આ. ૨૮, ધંધો- વેપાર, રહે. દેવછાયા સોસાયટી, સતાધાર સોસાયટીની સામે, ઘાટલોડીયા ગામ, અમદાવાદ નાઓની બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપીને પેથાપુર પોલીસ સ્ટેશન, જી.ગાંધીનગરના ગુ. રજી. નં.૧૧૨૧૬૦૧ ૦૨૬૦૧૪૫/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨),૩૩૮, ૬૧(૨)(એ) મુજબના ગુના સંદર્ભે આરોપીને રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના સ્થાનીક સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધીત કોર્ટમા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામા આવે છે.

**<u>શરતો :-</u>**

૧. આ કામના અરજદાર/આરોપીએ લોભ-લાલચ પ્રલોભન આપવા- અપાવવા નહીં તેમજ ફરિયાદપક્ષ ના સાહેદ પુરાવા સાથે ચેડા થાય તેવુ કોઈ કૃત્ય કરવુ કરાવવુ નહીં.

૨. આ કામના અરજદાર/આરોપીએ તેમની સામેની કેસની ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે નિયમીતપણે બીનચુક હાજર રહેવું.

૩. આ કામના અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાકુ અને કાયમી સરનામુ (આધાર પુરાવા તથા

ટેલીફોન/મોબાઈલ નંબર સહીત તથા તાજેતરના ફોટોગ્રાફ સહિત) નુ પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનમા લેખીત જાણ કરવી.

૪. આ કામના અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૫. આ કામના અરજદાર/આરોપીએ ભવિષ્યમાં પોતાની જાતને આ પ્રકારની કે અન્ય કોઈપણ પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિમા સંડોવવી નહીં

૬. આ કામના અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે પાસપોર્ટ ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે હકીકત સોગંદ પર જાહેર કરવી.

૭. આ કામના અરજદાર/આરોપીએ તેઓની સામેનું ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર માસની પહેલી અને પંદરમી તારીખે ક.૧૧.૦૦ થી બપોરના ક.૧૪.૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સંબંધીત પોલીસ સ્ટેશનમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજરી પુરાવવી.

(૩) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/ આરોપીના જામીન આપો આપ રદ થયેલ ગણાશે.

(૪) હુકમ અંગે સબંધીત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તારીખ–**૧૦મી** માહે **એપ્રિલ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૧૦–૦૪–૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/